

**Long-Term Care Home Update** | *Community Newsletter* | Lakeridge Health

**ફેબ્રુઆરી 2021**

## નવી ઈમારત આકાર લઈ રહી છે

અમે LakeridgeHealthનાં નવા લૉન્ગ-ટર્મ કૅર હોમમાં, કે હાલમાં જે Ajax Pickering Hospitalની અડોઅડ બંધાઈ રહેલું છે તેમાં સારી પ્રગતિ કરી રહ્યાં છીએ. સમગ્ર જાન્યુઆરીમાં, બાંધકામની ટુકડીએ તેનું ખોદકામનું કાર્ય ચાલુ રાખ્યું હતું, કે જેમાં ઈમારતનાં પાયામાં કપચીનું મિશ્રણ પાથરવાનો સમાવેશ થાય છે. વધુમાં, જરૂરી ઉપયોગિતાની સેવાઓ સ્થાપવા માટે કામ ચાલી રહ્યું છે, જેમ કે, વીજ પુરવઠો અને Durhamનાં મુખ્ય ક્ષેત્રમાં વરસાદી પાણી અને મળમૂત્ર અને મેલા પાણીના નિકાલ માટેની ગટરો સ્થાપવાનું કામ.

બાંધકામનાં સ્થળ પર કામ ચાલી રહ્યાની સાથોસાથ એ સ્થળથી દૂર ઈમારતનાં વિવિધ ઘટકોનું નિર્માણકામ પણ ચાલી રહ્યું છે. PCL, અમારા બાંધકામનાં ભાગીદાર, ઈમારતનાં અનેક પૂર્વનિર્મિત ઘટકોની ડિઝાઈન અને સ્થાપનની દેખરેખ રાખી રહ્યા છે, જેમ કે, વજન વહન કરતી સમતલ દીવાલ પથ્થર-પદાર્થોની છાટનાં માળખાં, કારખાનામાં તૈયાર કરેલ સંપૂર્ણ સ્નાનાગારનું એકમ, તેમજ યાંત્રિક અને વિદ્યુત વિતરણ પદ્ધતિઓ.



*લાંબાગાળાની સંભાળ માટેનાં ઘરનું બાંધકામ — ફેબ્રુઆરી 2021*

આ પ્રકારની સ્થળથી દૂર વિવિધ ઘટકોથી કરાતું નિર્માણ એ એક્સેલરેટેડ બિલ્ડ પાઈલટ પ્રોગ્રામનાં ભાગરૂપે છે અને એક બાજુથી તે સ્થાપિત નિયમ, સિદ્ધાંત અથવા સ્થિતિને અનુરૂપ સ્વાસ્થ્ય, સલામતી અને આયોજનનાં ધોરણને વળગી રહેશે, ત્યારે બીજી બાજુ તે પરંપરાગત લાંબાગાળાની સંભાળની પરિયોજના કરતાં નવા ઘરને ઝડપથી નિર્માણ થવા દેવા માટે સક્ષમ બનાવશે. આવનારા સપ્તાહોમાં અને મહિનાઓમાં, જેમ-જેમ માટીને અન્ય ક્ષેત્રમાં ખસેડવામાં આવશે અને આ પ્રકારની સ્થળથી દૂર વિવિધ ઘટકોથી કરાતા નિર્માણનાં ઘટકોને આ તરફ લઈ આવીને એકત્રિત કરવામાં આવશે, તેમ-તેમ નિર્માણકાર્યની પ્રગતિ શીઘ્રતાથી અને સ્પષ્ટપણે જોઈ શકાય એ રીતે થશે.

## દ્વિચક્રી વાહનોનાં પ્રવેશ-માર્ગમાં ફેરફારો

જે રીતે બાંધકામ ચાલી રહ્યું છે, એ રીતે આપણા સમુદાયના સભ્યોની સુરક્ષા માટે, આપણે Clement Street પર દ્વિચક્રી વાહનો માટીની ગલીઓને 1લી માર્ચ, 2021થી શરૂ કરીને ઑગસ્ટ મહિનાના અંત સુધીમાં બંધ રાખવી પડશે. તમામ જરૂરી નગરપાલિકાનની જરૂરિયાતોને સંતોષી લેવામાં આવી છે, તેમજ ભવિષ્યમાં કયા સમયે પુન: ચાલુ કરવા એ બાબતના અમારા અભિગમો અંગેની નવીનતમ માહિતીથી તમને વાકેફ કરીશું.

## અમારા કાર્યમાં માર્ગદર્શન આપવા માટે તમારો ઉપયોગી અને સહાયક ફીડબૅક

જેમ-જેમ પરિયોજના પ્રગતિ કરતી જાય છે, તેમ-તેમ અમે સમગ્ર LakeridgeHealth તંત્ર પાસેથી અનેક વિગતો પર કુશળતા અને માર્ગદર્શન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે કેવી રીતે ઘરમાં રહેલા ખાલી સ્થાનોનો ઉપયોગ વરિષ્ઠોની સમાન સામાન્ય પ્રકારની વિવધ વસ્તુઓની જરૂરિયાતો અને ક્ષમતાઓની સાથોસાથ તેમનાં સ્વાસ્થ્ય અને સલામતીમાં પણ વૃદ્ધિ કરે. સમગ્ર વિશ્વવ્યાપી રોગચાળા દરમિયાન જે કંઈ હૈયાઉકલતથી અમને જાણકારી મળી છે તેનાં આધારે, અમે એ બાબતની ખાતરી રાખશું કે અમારું ઘર સંભાળ, સલામતી, અને ચેપ નિયંત્રણ બાબતના અમારા અપેક્ષિત ઉચ્ચ ધોરણોને સંતોષે, તેમજ સાથોસાથ એવું આરામદાયક, ઘર-સમાન વાતાવરણ ઉત્પન્ન કરે, કે જે રહેવાસીઓ, પરિવારો, કર્મચારીઓ, અને સ્વયંસેવકો માટે હોય.

